# શ્રી જિન–સ્તવન

(કાલી કમલીવાલે–એ રાગ)

નમીયે શ્રી પંચપદને નેહે, મંગલકામ,
ભવિયા, મંગલકામ. નમીયે.
ઘાતી કર્મનો ઘાત કરીને, કેવલ કમલા વિમલા વરીને,
પ્રથમ નમો અરિહંત. ભવિયા......
અઠવિધ કર્મના મર્મ પ્રજાળી, સિદ્ધ પ્રભુની પ્રભુતા ભારી,
નમો સિદ્ધિના કન્ત. ભવિયા......
ચાર તીર્થના સ્તંભ જે નેતા, શાસન ધૂર્વહ આનંદ યુતા
આચાર્ય મહારાજ. ભવિયા......
આગમ અર્થને ભણે ભણાવે, ઉપાધ્યાય મહાસંત કહાવે;
જિનશાસન સામ્રાજ્ય. ભવિયા......
ચરણ કરણના ગુણને સેવે, શિવપદને યું મુનિવર લેવે,
નમો નમો મુનિરાજ. ભવિયા.......

આત્મતત્ત્વ શ્રદ્ધારૂપ મૂલ, દર્શનમોહ વિનાશનશૂલ,
દર્શનપદ મનોહાર. ભવિયા.....
જ્ઞાન સમ્યક્ છે ભવજલ તરવા, મોહતિમિરનો વિનાશ કરવા,
જાસ પ્રભા સુખદાય. ભવિયા....
સંયમપદ સંયમતા આપે, દુ:ખ દારિદ્રયના કારણ કાપે,
વંદે સુર નર રાય. ભવિયા......
નમી શ્રી જિનવર પુણ્ય પ્રભાવે, પંચપદ મહિમા દિલમાં ધ્યાવે,
આતમને હિતકાર. ભવિયા......